### GNLUમાં યોજાયેલા લેક્ચરમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ.આર.શાહે કહ્યું

# 'ન્યાયમાં બિનજરૂરી વિલંબથી લોકોનો ન્યાય પ્રણાલીથી વિશ્વાસ ઊઠી જાય છે'

## 'ભારતમાં 10 લાખની વસતીએ 50થી 55 જજની જગ્યા સામે માત્ર 10 જજ છે'

લીગલ રિપોર્ટર | અમદાવાદ

'ભારતમાં ન્યાય આપવામાં થતાં વિલંબને લીધે સમગ્ર ન્યાયપણાલિકાની વિશ્વસનીયતા ખરડાય છે' તેમ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ.આર.શાહે કહ્યું હતું. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાં જસ્ટિસ ડિલિવર સિસ્ટમ ઈન ઈન્ડિયા વિષય પર યોજાયેલા લેક્ચર પર સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ.આર.શાહે જણાવ્યું હતું કે, ભારતમાં 10 લાખની વસ્તીએ 50થી 55 જજ હોવા જોઈએ તેની જગ્યાએ માત્ર 10 જજની નિમણૂક થાય છે. GNLUમાં યોજાયેલા નવીનચંન્દ્ર દેસાઈ લો ફાઉન્ડેશન દ્વારા જસ્ટિસ ડિલિવર સિસ્ટમ ઈન ઈન્ડિયા વિષય પર વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા, જેમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ.આર.શાહે માહિતી આપતા જણાવ્યું હતું કે,ન્યાય આપવામાં બિનજરૂરી થતો વિલંબ એ ન્યાયપ્રણાલી માટે સૌથી મોટો પડકાર છે.



એમ.આર.શાહ

ભારતમાં ન્યાયની પદ્ધતિનું મુખ્ય પાસું એડવર્સિયલ સિસ્ટમ, વિલંબ, પડતર કેસો, નાણાનો વ્યય જેવી લાક્ષણિકતા સાથેની ટેકનિક્લ પ્રકિયાનું છે. ન્યાય આપવામાં થતા વિલંબને લીધે લોકો જાતે વિવાદનું સમાધાન શોધવા અને ગુનાહિત ટોળીમાં ભળી જતા હોય છે અને ટોળા દ્વારા જ ન્યાય આપી દેવામાં આવે છે.

### મુદતોને લીધે કેસ વર્ષો સુધી ચાલે છે

જસ્ટિસ એમ.આર.શાહે જણાવ્યું હતું કે, લોકોને ન્યાયતંત્રમાં વિશ્વાસ જળવાઈ રહે તે જોવાની જવાબદારી ન્યાયતંત્રની છે. ઝડપથી ન્યાય આપવામાં કોઈ નિર્દોષને સજા થઈ જાય તેની કાળજી પણ ન્યાયતંત્રની છે. ઝડપી ટ્રાયલ ચલાવીને સાચા આરોપની ઓળખ કરવી એ મોટી જવાબદારી છે. કોર્ટમાં જસ્ટિસ દ્વારા અપાતી બિનજરૂરી મુદતોને લીધે કેસ વર્ષો ચાલી જતો હોય છે.

### ગરીબો માટે ફી વાજબી થવી જોઈએ

તેમણે કહ્યું કે, ભારતમાં ગરીબો માટે ઝડપી અને સસ્તો ન્યાય મેળવવાનો રેશિયો ઘણો પાછળ છે. ગરીબો માટે સારા વકીલો વાજબી ફી સાથે ઉપલબ્ધ કરવા જોઈએ, જેથી જસ્ટિસ ડિલિવરમાં પાર્દર્શકતા રહે છે.

Scanned by CamScanner